જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૦૮/૨૦૨૨ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૫૩/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૩૦/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૪,૨૯,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૯૪ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૨**

**ઈસનપુરઃ** ફરીદ સ/ઓ સુબ્રાતીભાઈ મન્સુરી (રહે. ચોથા માળે સીલીકોન-૧૦૧ બીબી તળાવ ચાર રસ્તા વટવા) એ તા.૩૦/૦૮/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૮/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર કાશીરામ ટેક્ષટાઈલ મીલ સામે સુદર્શન મીલ કંપાઉન્ડ અલવીરા સીલેક્શન નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી જીન્સના પેન્ટ-શર્ટ, ટી-શર્ટ, લોઅર પેન્ટ, ગંજી અને ચડ્ડી મળી કિમત રૂપિયા ૭૫,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**ખોખરાઃ** લીલાબહેન વા/ઓ રમેશભાઇ ચુનારા (રહે. હનુમાનનગર વિભાગ-૨ રાષ્ટ્રભારતી સ્કુલની બાજુમાં સી.ટી.એમ. ખોખરા) એ તા.૩૦/૦૮/૨૦૨૨ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૫૩,૭૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૨**

**વટવા જી.આઈ.ડી.સીઃ** જયંતીભાઈ ચતુરભાઈ પટેલ (રહે. અક્ષરધામ રેસીડેન્સી વસ્ત્રાલ) તા.૩૦/૦૮/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે શક્રીબા એસ્ટેટ શેડ નંબર-૩૩૧/૭ ખાતે શેડ ઉપર છતનું પતરૂ રીપેરીંગ કરવા ગયા હતા ત્યારે પતરૂ રીપેરીંગ કરતી વખતે સીમેન્ટનું પતરૂ તુટી જતા નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૨**

**બાપુનગરઃ** હેમલતાબહેન વા/ઓ કલ્પેશકુમાર પ્રીયદર્શી (ઉ.વ.૪૫) (રહે. શક્તીકુંજ સોસાયટી સમજુબા હોપીટલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૨ કલાક ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પો.સ.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**ઓઢવઃ** પ્રિયાંક ઉર્ફે અરૂણ સ/ઓ નટવરભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. ઇન્દીરાનગરનાં સાત માળીયા ઓઢવ ગામ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી